KA-137 Seat No.________

# Third Year B. A. Examination
## March/April - 2013
## Gujarati : Paper - IX
## (અપઠિત)

Time : 3 Hours] [Total Marks : 70

૧ નીચેના ગદ્યખંડનો સારાંશ લખો : ૧૪

જગતમાં નઠારા કે સારા માણસો વચ્ચેનો ભેદ શાથી પડે ? માત્ર તેમાનાં હૃદયની વૃત્તિથી પડે છે. રૂપરંગ, સમૃદ્ધિ, પોશાક કે સારી સારી વાતો, તે કશાથી એ ભેદ પડતો નથી. સારી વૃત્તિ એટલે સારું જ્ઞાન, સારું જ્ઞાન એટલે જે ઉત્તમ પ્રકારની વાત જાણવામાં છે તે જ પ્રમાણે કરી બતાવવારૂપ અનુભવ, એમ જે માણસમાં હોય તે જ સારા માણસ. આમ, એ સંસારમાં સર્વત્ર આવશ્યક છે અને એના વિના નીતિ, વ્યવહાર, ધર્મ, કર્મ, કશું સાર નથી. ઘણા એવા મનુષ્યો પણ હોય છે કે જેમને મોટા મોટા વિચાર અને વાતો આવડતાં હોય નહીં, પણ જેમને અનુભવ એવો થયો હોય કે જેથી વાતો કરનાર કરતાં પણ અતિ ઉત્તમ પ્રકારના તે હોઈ શકે. એ જ અનુભવનો મહિમા છે, એટલા માટે જેણે ઘણાં વર્ષ આ જગતમાં ગાળી ઘણો અનુભવ મેળવ્યો છે તે માનને પાત્ર છે.

*- મણીલાલ દ્વિવેદી*

**અથવા**

૧ નીચેના ગદ્યખંડનો સારાંશ લખો : ૧૪

આજનું શિક્ષણ માત્ર સ્મૃતિઓનો ઉછેર કરે છે. આપણે જીવતા માણસોને સ્મૃતિનાં યંત્રો બનાવીએ છીએ. હકીકતો અને અભિપ્રાયોને ધારણ કરનારાં સામાન્ય પ્રાણીઓની આપણે નીપજ કરવી છે અને સમય આવ્યે એમનો ઉપયોગ કરવો છે. આપણે એવા માણસો પેદા કરવા માગીએ છીએ કે, જેમના મન, ધર્મ, માન્યતાઓ અને પરંપરાથી ગૃહીત છે.

મને આવું જણાય છે કે, સાચું શિક્ષણ આ બધાં સંસ્કાર ગ્રહણોની પેલે પારથી શરૂ થાય છે, જ્યાં માણસ વિચારવાની સાચી પ્રક્રિયા સમજે છે. આ સંસ્કાર ગ્રહણોને ઓળંગી જવાના તમારા પુરુષાર્થમાં સમાજ તમને કશી મદદ કરી શકે એમ નથી. સમાજને તો પોતાની પરંપરાઓ નિભાવવા માટે સાધારણ જનોની પેદાશ કરવી છે. આવા સમાજ સામે તમારે બળવો પોકારવો પડશે.

જ્ઞાન તમારા અનુભવને ગ્રહિત બનાવે છે. જો તમારે તથ્યને સીધી રીતે અનુભવવું હશે તો બધાં જ જ્ઞાનનાં વસ્ત્રો ઉતારીને મનને મુક્ત કરવું પડશે. સત્ય અથવા તથ્ય વિશે જ્ઞાન મેળવી શકાતું નથી. સત્યનું સીધું દર્શન, એનો સીધો અનુભવ તમને કેવળ આ ક્ષણે જ થઈ શકે. કેમ મળી શકે એની પ્રક્રિયા કોઈ એક જણ બીજાને દેખાડી ન શકે. કેળવણી માટે પદ્ધતિ જોઈએ. પદ્ધતિ પછી 'સમય'ને વચ્ચે લાવે છે. સમય એ સ્મૃતિ છે. સ્મૃતિ એટલે પરંપરા. આ બધાં સંસ્કાર ગ્રહણોને જો તમે જોઈ લો તો એ પોતાની મેળે ખરી પડશે. સંસ્કારોનું નિર્માણ ત્યાં શાંત થઈ જશે. સંસ્કારનિર્મિતની પ્રક્રિયાનું શાંત થવું એ સાવધાનીની શરૂઆત છે.

*- શ્રી જે. કૃષ્ણમૂર્તિ*

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

નબળાને સહાય આપો, કારણ કે ત્યાં ખરી મદદની જરૂર છે, બ્રાહ્મણ જો જન્મથી જ હોશિયાર હોય તો તે મદદ વિના અભ્યાસ કરી શકશે, બીજા જો જન્મથી હોશિયાર ન હોય તો તેમને શિક્ષણ કે શિક્ષકો જે જોઈએ તે બધું આપો. મારી સમજ પ્રમાણે તો આ ન્યાય અને તર્કશીલતા કહેવાય. એટલા માટે આપણા ગરીબ લોકોને, ભારતના આ પદદલિત સામાન્ય જનોને પોતે ખરેખર શું છે એ સંભળાવાની અને જણાવવાની જરૂર છે. અરે, દરેક દરેક સ્ત્રીપુરુષ અને બાળકને કોઈપણ પ્રકારની જ્ઞાતિની કે વંશની, સબળતાની કે નિર્બળતાની ગણતરી વગર સંભળાવો અને શીખવો કે સબળા અને નબળાની પાછળ, સર્વ કોઈને સારા અને મહાન અનંત શક્યતા અને અનંત શક્તિની ખાતરી આપનારો પેલો મહાન સનાતન આત્મા બિરાજી રહ્યો છે. આપણે એક એક જીવને ઘોષણા કરીને સંભળાવીએ કે, ‘ઊઠો અને અટક્યા વગર ધ્યેયે પહોંચો.’ ઊઠો, જાગ્રત થાઓ ! આ નિર્બળતાની ભૂરકીને ખંખેરી નાખો. વાસ્તવિક રીતે કોઈ પણ દુર્બળ નથી, આત્મા સનાતન, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે.

- ***સ્વામી વિવેકાનંદ***

**અથવા**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

‘મને અસત્યમાંથી સત્યમાં લઈ જા’ એમ પ્રભુ પાસે પ્રાર્થના કરવી એ ‘હું અસત્યમાંથી સત્ય તરફ જવાનો સતત પ્રયત્ન કરીશ એવી પ્રતિજ્ઞા કર્યા જેવું છે..... પ્રયત્ન જ કરવાનો છે તો પછી પ્રાર્થના શા માટે ? પ્રયત્ન કરવાનો છે એટલે જ પ્રાર્થના આવશ્યક

છે. હું પ્રયત્ન કરીશ પણ ફળ કંઈ મારા હાથની વસ્તુ થોડી જ છે ! હું પ્રયત્ન કરી કરીને કેટલો કરવાનો હતો ? મારી શક્તિ કેટલી અલ્પ ! ઈશ્વરની સહાય વિના હું એકલો શું કરી શકવાનો હતો ?... કાર્ય કરવાનો અધિકાર મારો ખરો પણ ફળનું તંત્ર પરમેશ્વરના હાથમાં. તેથી મારા પ્રયત્નથી જોડમાં ઈશ્વરની પ્રાર્થના આવશ્યક બને છે. પ્રાર્થનાને લીધે આપણને બળ પ્રાપ્ત થાય છે. પ્રાર્થના એટલે પોતાની પાસેનું સંપૂર્ણ બળ વાપરીને વધારે બળ આપે એવી પ્રભુ પાસે માગણી કરવી એમ જ કહો ને !

એટલે પ્રાર્થનામાં પ્રયત્નવાદ તથા દૈવવાદ એ બેનો સમન્વય છે. દૈવવાદમાં પુરુષાર્થને અવકાશ નથી, તેથી તે વેગળો. પ્રયત્નવાદમાં નિરહંકાર વૃત્તિ હોતી નથી, તેથી તે ગર્વિષ્ઠ માનેલો. એટલે સરવાળે બંનેમાંથી કોઈ પણ એક આખોને આખો સ્વીકારી શકાય નહિ. તેમ જ બંનેને નાખી પણ દઈ શકાય નહીં. કારણ દૈવવાદમાં નમ્રતા છે, તે આપણે જોઈએ છે. પ્રયત્નવાદમાં પરાક્રમ છે, તે પણ આપણે જોઈએ છે. પ્રયત્નવાદમાં પરાક્રમ છે, તે પણ જોઈએ, પ્રાર્થના એ બેનો મેળ સાધે છે.

*- વિનોબા ભાવે*

૩ નીચે આપેલા કાવ્યનું રસદર્શન કરાવો : ૧૪

મને જો પૃથ્વીની હકૂમત મળે એક ક્ષણ તો
પહેલાં તો કાઢું વટહુકમ કે આ જ ક્ષણથી
પ્રજા મારી પંખી-મનુજ-પશુ ને કીટ ગણો
બધાને જીવ્યાનો જ હક, હણવાનો હક નથી,

દ્રુમોની ડાળીને નીડ, નગર-આવાસ ભીડમાં,
વનોની ઝાડી કે ગિરિકુહરમાં, ભૂમિ ભીતરે,
જ્યાં આબાદી ત્યાં સહુય મળી મેળા રચી રહો,
પ્રજા મારીને ના ફિકર ફરિયાદો કશીય હો,
હું પૃથ્વીનો રાજા, અવર ગ્રહ-શું વિગ્રહ નહિ
કરારો મૈત્રીના કરું, અગર હો આક્રમણ તો
પ્રીતિનું, જેમાં ના જીવતું પણ જિતાઈ જવું,
સ્વ-તંત્રે વ્યક્તિના રહું વિલસી હું શાસન નવું
પ્રજાને એવા તો સ્વનિધ મનમાં બાંધી લઉં કે
પછી રાજાના કે હકૂમતની એને જરૂર રહે !

**અથવા**

૩ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો : ૧૪

દેશ તો આઝાદ થતાં થઈ ગયો, તેં શું કર્યું ?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?
''લાંચ, રિશ્વત, ઢીલ, સત્તાદોર, મામા-માસીના
કાળાં બજારો, મોંઘવારી, ના સીમા !''
રોષથી સૌ દોષ ગોળ્યા, ગાળથી એકબીજાને પોળ્યા,
આળ પોતાને શિરે ન આવે, જો ! તેં શું કર્યું ?
આપબળ ખર્ચ્યું પૂરણ ? જો, દેશના ભાલમાં તેં શું ભર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હરપળે
સ્વાતંત્ર્યના ગઢકાંગરા, કરવત ગલ,
ગાફેલ, થા હુશિયાર, તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?
હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદ છે જિંદગી
હો હિંદ સુરભિત ફૂલદસ અરવિંદ, એ સ્વાતંત્ર્ય દિનની બંદગી.

– *ઉમાશંકર જોશી*

૪ નીચેનામાંથી કોઈ પણ બે કંડિકાઓનું નિબંધાત્મક વિવરણ કરો : ૧૪

(૧) ત્રણ વાનાં મુજને મળ્યા, હૈયું, મસ્તક, હાથ,
બહુ દઈ દીધું નાથ, જા ચોથું નથી માગવું.

(૨) ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ,
સાધુતા નહિ વાર્ધક્યે, વ્યર્થ તે જિંદગી ક્રમ.

(૩) એકલ દેતા દાન જે, એકલ ઝૂઝતા જંગ,
એકલ જગ નિંદા સહે, એ મરદોને રંગ !

(૪) ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ નવ ભરે.

૫ (અ) નીચેનામાંથી કોઈ પણ ચાર રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : ૮

(૧) જિંદગી મોળી થઈ જવી

(૨) મતિ મારી જવી

(૩) હોઠ પીસવા

(૪) કર્મનું પાનું ફરવું

(૫) કાન મરડી નાંખવો

(૬) હાથ મસ્તક પર હોવા

(૭) ખભે હાથ મૂકવા

(૮) સોડ તાણીને સૂઈ જવું.

(બ) કોઈ પણ ત્રણ કહેવતોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : ૬

(૧) ગજા વગરનું ગધેડું ને વિરમગામનું ભાડું.

(૨) પારકી મા જ કાન વીંધે.

(૩) માંગીને ખાવું ને વળી ગરમ ખાવું.

(૪) સાપને ઘેર પરોણો સાપ.

(૫) નવી ગિલ્લી નવો દાવ.

(૬) ધરમ કરતાં ધાડ પડી.

---